ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૧૯૯૨-૨૦૨૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૦/૦૫/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯ અને ૧૧ની એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રીટેસ્ટ લેવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૯ અને ૧૧ની એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રીટેસ્ટ તા.૧૦/૦૬/૨૦૧૯ સુધીમાં લેવાની તેમજ તેનું પરિણામ તા.૧૫/૦૬/૨૦૧૯ સુધીમાં જાહેર કરવાની આ અગાઉ જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હાલમાં શાળાઓમાં વેકેશન ચાલે છે તેમજ તા.૧૦/૦૬/૨૦૧૯થી શાળાઓ શરૂ થનાર છે. જે બાબત ધ્યાને લેતાં ધોરણ-૯ અને ૧૧ના નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રીટેસ્ટ લેવા અંગેની તારીખોમાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે.

"ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૯ અને ૧૧ની એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રીટેસ્ટ તા.૨૫/૦૬/૨૦૧૯ સુધીમાં લેવાની તેમજ તેનું પરિણામ તા.૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં જાહેર કરવાની કાર્યવાહી શાળા કક્ષાએ પૂર્ણ કરવાની રહેશે."

ક્રમાંક / ૧૯૭૩૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૦૪-૦૬-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારૂ!

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, સરકારી, ઉ.મા અને મા.
શાળાઓ તમામ.

Scanned by CamScanner